**આ વર્ષે બેઠક વ્યવસ્થા અને સ્થળ પસંદગીને લઈને વિદ્યાર્થીઓમાં કચવાટ જોવા મળ્યો**

# શ્રીગોવિંદ ગુરુ યુનિવર્સિટીના 7માં પદવીદાન સમારોહમાં જગ્યાના અભાવે વિદ્યાર્થીઓ રઝળ્યા

**અગાઉના** વર્ષોમાં વિશાળ ડોમમાં આયોજન થતું હતું પરંતુ આ વખતે ઓડિટોરિયમ નાનું પડતાં વિદ્યાર્થીઓએ બહાર આંટા ફેરા માર્યા







(પ્રતિનિધિ) ગોધરા તા.20

પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે શનિવારે સાતમો પદવીદાન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને રાજ્યકક્ષાના મંત્રીઓની ઉપસ્થિતિમાં તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. જોકે, યુનિવર્સિટીના ઈતિહાસમાં ભવ્ય ગણાતા આ કાર્યક્રમમાં આ વર્ષે બેઠક વ્યવસ્થા અને સ્થળ પસંદગીને લઈને વિદ્યાર્થીઓમાં કચવાટ જોવા મળ્યો હતો.

યુનિવર્સિટી દ્વારા આ વખતે પદવીદાન સમારોહનું આયોજન પરંપરાગત રીતે ખુલ્લા મેદાનમાં વિશાળ ડોમ બાંધવાને બદલે યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ઓડિટોરિયમમાં કરવામાં આવ્યું હતું. કુલ 21,626 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવાની હતી જેમાંથી 1684 જેટલા વિદ્યાર્થીઓએ રૂબરૂ ડિગ્રી લેવા માટે ફોર્મ ભર્યા હતા. પરંતુ ઓડિટોરિયમની ક્ષમતા ઓછી હોવાથી અને પ્રોટોકોલના કારણે મોટાભાગની બેઠકો યુનિવર્સિટી સ્ટાફ, 20 PhD વિદ્યાર્થીઓ, 51 ગોલ્ડ મેડાલિસ્ટ અને NCC ના વિદ્યાર્થીઓથી ભરાઈ ગઈ હતી.પરિણામે, હોંશે-હોંશે ડિગ્રી લેવા આવેલા અનેક વિદ્યાર્થીઓને મુખ્ય હોલમાં પ્રવેશ મળ્યો ન હતો અને તેઓએ કાર્યક્રમ સમયે યુનિવર્સિટી બિલ્ડિંગના પરિસરમાં બહાર આંટાફેરા મારવા પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે, અગાઉના પદવીદાન સમારોહમાં યુનિવર્સિટી દ્વારા વિશાળ વોટરપ્રૂફ ડોમ તૈયાર કરવામાં આવતા હતા. જ્યાં વિદ્યાર્થીઓ તેમના વાલીઓ સાથે સન્માનભેર બેસી શકતા હતા અને કાર્યક્રમ માણી શકતા હતા. પરંતુ આ વખતે બંધ બારણે ઓડિટોરિયમમાં સીમિત સંખ્યામાં આયોજન થતા, દૂર-દૂરથી આવેલા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં વ્યવસ્થાને લઈને ગણગણાટ શરૂ થયો હતો. વિદ્યાર્થીઓના મતે, ફી ભરીને રજીસ્ટ્રેશન કરાવવા છતાં પૂરતી બેઠક વ્યવસ્થા ન મળતા તેઓમાં અસંતોષની લાગણી જન્મી હતી.રાજ્યના મહામહિમ રાજ્યપાલ જેવા ઉચ્ચ ગરિમા ધરાવતા મહેમાન ઉપસ્થિત હોવા છતાં, યુનિવર્સિટી સત્તાધીશો દ્વારા યોગ્ય વ્યવસ્થા ન કરાતા કાર્યક્રમની શોભામાં ઓટ આવી હતી આ સમારોહમાં અધ્યક્ષ સ્થાને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, તેમજ અતિથિ વિશેષ તરીકે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા અને કૃષિ રાજ્યમંત્રી રમેશભાઈ કટારા ઉપસ્થિત રહ્યા હતા.

# 21 હજારથી વધુ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાઈ

**ગોવિંદ** ગુરુ યુનિવર્સિટીના 7મા વાર્ષિક દીક્ષાંત સમારંભમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની પ્રેરક ઉપસ્થિતિ

**'સ્વ'ના** વિકાસ સાથે સમાજ અને માનવજાતના કલ્યાણ માટે જ્ઞાનનો ઉપયોગ કરવાની અપીલ




(પ્રતિનિધિ) ગોધરા તા.20

પંચમહાલ જિલ્લાના વિંઝોલ સ્થિત ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો 7મો વાર્ષિક દીક્ષાંત સમારંભ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ દીક્ષાંત સમારંભમાં યુનિવર્સિટીની વિવિધ શાખાઓના ૨૧ હજારથી વધુ વિદ્યાર્થીઓને ડિગ્રી તથા સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. સાથે સાથે ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓને ડૉક્ટરેટ (PhD)ની ડિગ્રી આપવામાં આવી હતી.રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ભારતની આઝાદીમાં યોગદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાની તથા સમાજ સુધારક ગુરુ ગોવિંદને સ્મરણાંજલિ અર્પણ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ગુરુ ગોવિંદે આદિવાસી સમાજમાં રહેલા કુરિવાજો દૂર કરી સમાજ સુધારણાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું હતું, જે આજે પણ યુવાનો માટે પ્રેરણારૂપ છે.શિક્ષકો અને માતા-પિતાના ત્યાગની ગૌરવપૂર્વક યાદ રાજ્યપાલે ગોલ્ડ મેડલ વિજેતાઓ સહિત તમામ ડિગ્રીધારક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર શિક્ષકો તેમજ પોતાના સપનાઓને બાજુએ રાખી સંતાનોના શિક્ષણ માટે સમર્પિત માતા-પિતાના ત્યાગને ગૌરવપૂર્વક યાદ કર્યા હતા. સત્ય, ધર્મ અને માનવતાના માર્ગે ચાલવાની અપીલ તૈત્તિરીય ઉપનિષદના ઉપદેશનો ઉલ્લેખ કરતાં રાજ્યપાલે જણાવ્યું હતું કે સત્ય પ્રકાશની જેમ અંધકારને દૂર કરે છે અને સત્યવાદી જીવન ભય અને તણાવથી મુક્ત રાખે છે. તેમણે વિદ્યાર્થીઓને અપીલ કરી હતી કે તેઓ શુભકર્મ, વિવેક અને બુદ્ધિકૌશલ્ય દ્વારા મેળવેલા જ્ઞાનનો ઉપયોગ 'સ્વ'ના વિકાસની સાથે સમાજ અને માનવજાતના કલ્યાણ માટે કરે.રાજ્યપાલે ઉમેર્યું હતું કે માનવ જીવન માત્ર રોટી, કપડાં અને મકાન પૂરતું નથી, પરંતુ સહિષ્ણુતા, દયા અને પરોપકાર માનવતાની સાચી ઓળખ છે. શિક્ષણનો હેતુ માનવતા અને નૈતિકતાનો વિકાસ કરવાનો હોવો જોઈએ.

**હાલોલમાં સનાતન ધર્મ જાગૃતિ અભિયાન અંતર્ગત વિશાળ ધર્મસભા**

# હિંદુઓ એકતા દાખવી સમજદારીપૂર્વક હિંદુત્વનું રક્ષણ કરે: શંકરાચાર્ય

**દ્વારકા** શારદા પીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતી મહારાજના ઉપદેશોથી ભક્તોમાં ધાર્મિક ઉલ્લાસ



(પ્રતિનિધિ) હાલોલ તા.20

હાલોલ નગરમાં સનાતન ધર્મ જાગૃતિ અભિયાન અંતર્ગત એક ભવ્ય અને આધ્યાત્મિક માહોલ વચ્ચે વિશાળ ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધર્મસભામાં દ્વારકા શારદા પીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતી મહારાજે ઉપસ્થિત રહી સનાતન હિંદુ ધર્મના મહત્વ પર પ્રેરણાદાયક પ્રવચન આપ્યું હતું. તેમણે હિન્દુત્વના રક્ષણ માટે હાકલ કરી હતી.

હર હર મહાદેવના નારા સાથે ભવ્ય સ્વાગત સમસ્ત બ્રહ્મ સમાજ, જગતગુરુ શંકરાચાર્ય સમિતિ હાલોલ તથા સમસ્ત સનાતન હિંદુ વ્યવસ્થા સમિતિના સંયુક્ત આયોજન હેઠળ શુક્રવારે સાંજે 6:30 કલાકે પાવાગઢ રોડ ઉપર ગાયત્રી મંદિર ખાતે જગતગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતી મહારાજનું હર હર મહાદેવના ગગનભેદી નારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ફુલહાર અને પુષ્પવર્ષા વચ્ચે તેઓનું આત્મીય અભિવાદન કરવામાં આવ્યું હતું.ગાયત્રી મંદિરથી રેલી સ્વરૂપે જગતગુરુને હાલોલ શહેરના મધ્યમાં, તળાવ કિનારે બ્રાહ્મણ પંચની વાડીના પ્રાંગણમાં વાજતે-ગાજતે લાવવામાં આવ્યા હતા, જ્યાં સ્ટેજ ઉપર બિરાજમાન કરવામાં આવ્યા.

# શહેરા વન વિભાગે લાકડા ભરેલી ટ્રક ઝડપી: રૂ.4.65 લાખનો મુદ્દામાલ જપ્ત

**ગેરકાયદેસર** લાકડાનો જથ્થો નડિયાદ તરફ જઇ રહ્યો હતો



(પ્રતિનિધી) ગોધરા તા.20

પંચમહાલ જિલ્લામાં વન સંપત્તિની ચોરી અટકાવવા વન વિભાગ સતર્ક બન્યું છે.ત્યારે શહેરા વન વિભાગે બાતમી અને પેટ્રોલિંગના આધારે ગેરકાયદેસર રીતે લાકડાનું વહન કરતી ટ્રકને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગત મુજબ, શહેરા પરીક્ષેત્ર વન અધિકારી આર.વી. પટેલની સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેરા રેન્જ સ્ટાફ શહેરાથી મોરવા (રેણા) રોડ પર પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન કાકારી રોડ પાસેથી પસાર થતી ટ્રક નંબર GJ 09 V 5691 શંકાસ્પદ જણાતા તેને અટકાવીને તલાશી લેવામાં આવી હતી.

તપાસ દરમિયાન ટ્રકમાંથી પાસ કે પરમીટ વગરના લીલા તાજા પંચરાઉ લાકડાનો જથ્થો મળી આવ્યો હતો. વધુ પૂછપરછમાં આ લાકડાનો જથ્થો નડિયાદ ખાતે લઈ જવામાં આવી રહ્યો હોવાનું સામે આવ્યું હતું. વન વિભાગની ટીમે ત્વરિત કાર્યવાહી કરી લાકડા અને ટ્રક સહિત અંદાજે કુલ રૂ. 4,65,000 નો મુદ્દામાલ સરકાર હસ્તક કબજે કર્યો છે. હાલમાં જપ્ત કરેલ વાહન અને મુદ્દામાલને વધુ તપાસ અર્થે શહેરા રેન્જ કચેરીના કમ્પાઉન્ડ ખાતે સુરક્ષિત રાખવામાં આવ્યો છે.આ કામગીરીમાં રાઉન્ડ ફોરેસ્ટર એસ.બી. માલીવાડ, બીટ ગાર્ડ બી.એન. રાવલ અને નવાગામ બીટ ગાર્ડ એલ.ડી. રબારી સહિતનો સ્ટાફ જોડાયો હતો. વન વિભાગની આ લાલ આંખને પગલે લાકડા માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

**ગામડાના અંદરથી બહારના રસ્તા ઉપર આવવાનું સરળ બનશે**

# હાંડી અગારા તારમીના રિસફેસીંગ પાંચ રસ્તાઓનું ખાતમુહૂર્ત કરાયું

(પ્રતિનિધી) સિંગવડ, તા. 20

સિંગવડ તાલુકાના હાંડી અગારા તારમીના રીસફેસીંગ પાંચ રસ્તાઓનું ખાતમુહૂર્ત 19 12 2025 ના રોજ દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર તથા લીમખેડા ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોર દ્વારા કરવામાં આવ્યા સિંગવડ તાલુકાના તારમી ગામે સરપંચ ફળિયા રોડ 2.20 કિ.મી અંદાજિત રૂપિયા 77 લાખના ખર્ચે જ્યારે તારમી હાંડી નું મિસિંગ લીક રોડ 1.20 કીમી લંબાઇ રૂપિયા ૭૨ લાખના ખર્ચે કાચા થી ડામરની કામગીરી હાંડી અગારા (૨) તારમી રસ્તાથી વલમભાઈ માનસિંગભાઈ ભાભોર ના ઘર સુધીનો રોડ લંબાઈ 1.10 કિમી અંદાજિત રૂપિયા 66 લાખ કાચા થી ડામરની કામગીરી સુધી અગારા (૨) નિશાળ ફળિયા રોડ લંબાઈ 1.50 કિમી અંદાજિત રૂપિયા 54 લાખ રીસફેસિંગ ચાચકપુર ગામે અગારા (૨) ડામર રોડ થી દલસિંગ પૂનાના ઘર સુધીનો રોડ લંબાઈ 1 કિ.મી અંદાજિત રૂપિયા 60 લાખ કાચા થી ડામર ની કામગીરી સુધીનો આ તમામ ખાતમુહૂર્ત દાહોદના લોકપ્રિય સાંસદ જશવંતસિંહ ભાભોર તથા લીમખેડા ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોર માજી ધારાસભ્ય



વિછીયાભાઈ ભુરીયા વરદ હસ્તે કરવામાં આવ્યા જેમાં મેથાણ જિલ્લા પંચાયત સદસ્ય તાલુકા પંચાયત સદસ્યો તમામ ગામના સરપંચો તથા કાર્યકરો અને સરકારી ખાતાના અધિકારીઓ હાજર રહ્યા જ્યારે આ લીમખેડા વિધાનસભાના 158 કરોડના ખર્ચે નવા ડામર રસ્તા બનવાથી ગામડાના અંદરથી બહારના રસ્તા ઉપર આવવાનું સરળ બનશે તેના માટે સાંસદ જશવંતસિંહ ભાભોર ના અથાગ પ્રયત્નોથી સિંગવડ તાલુકાનાં ગામડાઓમાં રોડ રસ્તા સારા થાય અને લોકોને ઉપયોગી બને તેવા પ્રયાસ થકી આ ખાતમુહૂર્ત કરીને લોકોને આ ડામર રસ્તા ઉપયોગી બનશે.

# સતત બીજી ટર્મમાં લીમખેડા બારના પ્રમુખ તરીકે રૂપસિંગભાઈ ચૂંટાયા

(પ્રતિનિધી) લીમખેડા, તા.20



સતત બીજી ટર્મ માં લીમખેડા બાર એસોસિએશનના પ્રમુખ તરીકે રૂપસિંગભાઈ બી પટેલ ચૂંટાઈ આવતાં લીમખેડા કોર્ટ ના સિનિયર જુનિયર વકિલો એ અભિનંદન પાઠવ્યા હતા. લીમખેડા કોર્ટમાં યોજાયેલી બાર એસોસિએશનની ચૂંટણીમાં સતત બીજી ટર્મ પ્રમુખ તરીકે ચૂંટાતા રૂપસિંગભાઈ બળવંતભાઈ પટેલ.વકીલ મંડળના અન્ય હોદ્દેદારોમાં સેક્રેટરી તરીકે સોમાભાઈ કડવાભાઈ બારીયા,ઉપપ્રમુખ . સુરેશભાઈ એચ નિનામા ,સહસેક્રેટરી કુ.હીનાબેન સી.મુનિયા,ખજાનચી જસવંતસિંહ એલ.બારીયા, લાયબ્રેરિયન.ગિરીશભાઈ એસ.નિનામા વગેરેની બિનહરીફ વરણી કરવામાં આવી હતી પ્રમુખ રૂપસિંગભાઈ બી પટેલે તમામ હોદ્દેદારોને ખૂબ ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## સગીરાને ભગાડી જનાર ઈસમ સામે ફરિયાદ

(પ્રતિનિધી) કાલોલ તા. 20

કાલોલ તાલુકાના એક ગામમાં રહેતા પરિવાર ની સગીર બાળકીને તા ૧૫/૧૨ ના રોજ રાત્રીએ પત્ની તરીકે રાખવા અને શારિરિક શોષણ કરવાના ઈરાદે પટાવી ફોસલાવી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી જનાર સૂરપાલસિંહ અજીતસિંહ પરમાર રે.ચોર્યાના મુવાડા તા સાવલી સામે સગીરા ના વાલીએ કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરાયેલ છે.

**રાજસ્થાનથી આવ્યો જથ્થો, 9 ઈસમો સામે ગુનો નોંધાયો**

# કાલોલના બોરુ રોડ પર રૂ.1.60 કરોડનો દારૂનો જંગી જથ્થો ઝડપાયો

**બે દિવસમાં** બીજી રેડ, 31 ડિસેમ્બરની ઉજવણી માટે દારૂ લવાયો હોવાની શંકા



(પ્રતિનિધી) કાલોલ તા.20

31 ડિસેમ્બરની ઉજવણીને અનુલક્ષી બૂટલેગરો સક્રિય બનતા હોવાના સંકેતો વચ્ચે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા કાલોલ પંથકમાં મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે બાતમીના આધારે કાલોલના વિકસતા બોરુ ટર્નિંગ વિસ્તારમાં આવેલા એક શોપિંગ સેન્ટરની ભાડાની દુકાનમાં રેડ કરી રૂ. 1.60 કરોડનો દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, આખું કન્ટેનર ભરીને દારૂનો જથ્થો લાવવામાં આવ્યો હતો અને કન્ટેનર ખાલી થતો હતો તે સમયેજ SMCની ટીમ ત્રાટકી હતી. દારૂના ખાખી પૂઠાં બદલીને અન્ય સામાનના પેકિંગ જેવી દેખાતી પેટીઓમાં ભરવામાં આવ્યો હતો જેથી કોઈને શંકા ન જાય. કાર્યવાહી બાદ કાલોલ પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં ખાલી ખાખી પેટીઓના ઢગલા જોવા મળ્યા હતા.પોલીસે સ્થળ પરથી ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા છે. ગણતરીમાં કુલ 1500 પેટીઓ, અંદાજે 72,000 બોટલ દારૂ (રૂ. 1.60 કરોડ), રૂ. 20 લાખનું કન્ટેનર અને ત્રણ મોબાઈલ (રૂ. 15 હજાર) સહિત કુલ રૂ. 1.80 કરોડનો પ્રોહીબિશન મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. પૂછપરછમાં દારૂનો જથ્થો રાજસ્થાનથી મોકલાયો હોવાનું ખુલ્યું છે. પોલીસે કુલ 9 ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.ઉલ્લેખનીય છે કે એક દિવસ અગાઉ દેલોલ નજીકથી પણ SMC દ્વારા રૂ. 7.56 લાખનો દારૂ ઝડપાયો હતો. સતત બીજી રેડમા જંગી જથ્થો ઝડપાતા સમગ્ર પંચમહાલ જિલ્લા પોલીસમાં હડકંપ મચી ગયો છે.

**તાલુકા વિકાસ અધિકારીના આદેશથી વિશેષ ટીમે સ્થળ તપાસ કરી, તપાસ રીપોર્ટ 7 દિવસમા સોપશે**

# ઉસરા પંચાયતમાં વિકાસકામોમાં ભ્રષ્ટાચારના આક્ષેપની તપાસ શરૂ

**નાણાંની** ઉચાપત સાબિત થશે તો એજન્સીઓ સામે કડક કાર્યવાહી કરાશે

(પ્રતિનિધી) લીમખેડા, તા.20

લીમખેડા તાલુકાની ઉસરા ગ્રામ પંચાયતમાં સરકારી ગ્રાન્ટના દુરુપયોગ અને વિકાસકામોમાં કથિત નાણાકીય ગેરરીતિઓની તપાસ શરૂ કરવામાં આવી છે. તાલુકા વિકાસ અધિકારીના આદેશથી રચાયેલી વિશેષ તપાસ ટીમે બુધવારે વિકાસકામોની ભૌતિક ચકાસણી હાથ ધરી હતી.

આ તપાસ અરજદાર સુંદરસિંહ મનસુખભાઈ પરમાર દ્વારા ગત ૨૩ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ કરેલી લેખિત રજૂઆત અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી, દાહોદના પત્રના સંદર્ભે શરૂ થઈ છે. રજૂઆતમાં આક્ષેપ કરાયો છે કે 'મેરી પંચાયત' એપ્લિકેશન પર પૂર્ણ દર્શાવીને જે વિકાસકામોનું પેમેન્ટ કરાયું છે, તેમાંથી કેટલાક કામો સ્થળ પર અસ્તિત્વમાં નથી અથવા અધૂરા છે.તાલુકા વિકાસ અધિકારીની સૂચના મુજબ, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, અધિક મદદનીશ ઈજનેર (બાંધકામ શાખા), વિસ્તરણ અધિકારી (પંચાયત), વિસ્તરણ અધિકારી (સહકાર) અને ટેકનિકલ આસિસ્ટન્ટની



ટીમ ઉસરા ગામે પહોંચી હતી તપાસમાં લુહાર ફળિયા, પંચાયત કચેરી વિસ્તાર અને પરમાર ફળિયામાં કાગળ પર દર્શાવેલા સામૂહિક શૌચાલયોની વાસ્તવિક સ્થિતિ તપાસવામાં આવી હતી. આ ઉપરાંત, રેલવે લાઇનથી પ્રભાત મંગાના ઘર સુધીના સીસી રોડમાં દર્શાવાયેલા રૂ.૧.૨૩ લાખના ખર્ચ અને કામની ગુણવત્તાની પણ ચકાસણી કરાઈ. તપાસમાં બોર મોટર, વોશિંગ ઘાટ અને હવાડાના કામોમાં જગ્યાની અદલાબદલી તેમજ નાણાકીય ઉચાપતના મુદ્દાઓ પણ તપાસના દાયરામાં લેવાયા છે. મુખ્ય નિશાળથી રમણભાઈના ઘર સુધીના અધૂરા રોડના કામમાં પૂરેપૂરું પેમેન્ટ ઉપાડી લેવાયું હોવાની ફરિયાદ અંગે પણ ખરાઈ કરવામાં આવી રહી છે. તપાસ ટીમે સ્થળ પર પંચનામું કરી માપણી લીધી હતી અને ગ્રામજનોના નિવેદનો નોંધી પ્રાથમિક અહેવાલ તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરી છે.આ અંગે તાલુકા વિકાસ અધિકારી લીમખેડા પ્રકાશ રાવતે જણાવ્યું હતું કે, ઉસરા ગ્રામ પંચાયતના વિકાસકામોમાં ભ્રષ્ટાચારના આક્ષેપોને લઈને લેખિત રજૂઆત મળતાં સ્થળ તપાસ માટે ટીમ બનાવી હતી. તેમણે ઉમેર્યું કે, હાલ રેકોર્ડની તપાસ ચાલુ છે અને તપાસ રિપોર્ટ બાદ આગળની કાર્યવાહી કરાશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જો તપાસમાં ભ્રષ્ટાચાર કે સરકારી નાણાંની ઉચાપત સાબિત થશે તો જવાબદાર સરપંચ, તલાટી અથવા અન્ય સંડોવાયેલી એજન્સીઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ઉપરાંત, ગેરવાપરાયેલા નાણાંની વસૂલાત પણ કરાશે.

# ગરબાડા તાલુકાના નળવાઈ ગ્રામ પંચાયતમાં વિકાસના નામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપ

**2021થી** 2025 દરમિયાનના તમામ કામોની તપાસ માટે તાલુકા વિકાસ અધિકારી ને રજૂઆત



(પ્રતિનિધી) ગરબાડા, તા.20

ગરબાડા તાલુકાના નળવાઈ ગામની ગ્રામ પંચાયત હેઠળ વર્ષ 2021 થી 2025 દરમિયાન થયેલા વિવિધ વિકાસ કામોમાં ગેરરીતી અને ભ્રષ્ટાચાર થયાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. આ બાબતે ગામના જાગૃત નાગરિકો તથા ગ્રામજનોએ લેખિત રજૂઆત કરી સમગ્ર મામલાની તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ નળવાઈ ગ્રામ પંચાયત દ્વારા છેલ્લા ચાર વર્ષ દરમિયાન CC રોડ, ગટર લાઈન, વોશિંગ ઘાટ, પીવાના પાણીની સુવિધાઓ, સામૂહિક તથા વ્યક્તિગત શૌચાલય સહિત અનેક વિકાસ કામો કરવામાં આવ્યા હતા. જોકે આ તમામ કામોમાં નબળી ગુણવત્તા, અધૂરું નિર્માણ અને કાગળ પર પૂરું બતાવી સરકારી નાણાંનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.અરજદારે વધુમાં જણાવ્યું કે વર્ષ 2021 થી 2025 દરમિયાન થયેલા વિકાસ કામોની સંપૂર્ણ વિગતો મેળવવા માટે CMO કચેરી મારફતે માહિતી માંગવામાં આવી હતી, પરંતુ પંચાયત તરફથી અસ્પષ્ટ તથા અધૂરી માહિતી આપવામાં આવી છે. જેના કારણે વિકાસ કામોમાં થયેલી ગેરરીતીઓ છુપાવવાનો પ્રયાસ થયો હોવાની શંકા વધુ ઘેરી બની છે.